# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

***સંદર્ભ*** :– (૧) અધિક નિયામકશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનો તા.૦૯–૧૦–'૧૫ ના પત્ર ક્રમાંક : એમસીજી / મુખ્યમંત્રી / યુવા સ્વા. યોજના / આઈ / ૧૫.
(૨) અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગરનો તા.૦૯–૧૦–'૧૫ નો પત્ર ક્રમાંક : એમ.વાય.એસ.વાય –૨૦૧૫ / ૫.

**પરિપત્ર** :–

આથી યુનિવર્સિટી સંલગ્ન સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૧ પરનાં પત્રથી રાજયમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવતા અને આવકના માપદંડોને ધ્યાને લઈ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મૂકેલ છે તે અંગેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા જણાવેલ છે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સંદર્ભ–૨ પરનાં પત્રથી જણાવ્યા પ્રમાણે નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર મારફત *http://mysy.guj.nic.in* પર ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે અને રાજયમાં ૯૧ સરકારી / અનુદાનિત સંસ્થાઓ અને ૨૯ યુનિવર્સિટીઓ ખાતે વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી કરવા સહાયરૂપ થવા માટે હેલ્પ સેન્ટરો ઉભા કરવામાં આવેલ છે તેની યાદી ઉક્ત સાઈટ પરમૂકવામાં આવેલ છે. કોલેજ ધ્વારા અગાઉ જણાવ્યા પ્રમાણે ૯૦ % કે તેથી વધુ પર્સનટાઈલ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી એકત્ર કરવામાં આવેલ છે તે તમામ વિદ્યાર્થીઓની માહિતી *http://mysy.guj.nic.in* પર અપલોડ કરવાની રહેશે તેમજ વેબસાઈટમાં દર્શાવ્યા મુજબનું એફીડેવીટ અને આવકનું પ્રમાણપત્ર તૈયાર કરવાનું રહેશે તેમજ વેબસાઈટ પર આ અંગે રાજયમાં હેલ્પ સેન્ટરો પણ ઉભા કરવામાં આવેલ છે તેની યાદી સામેલ રાખેલ છે તે હેલ્પ સેન્ટરની મદદ લઈ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

યુનિવર્સિટી કક્ષાએ ઉક્ત વેબસાઈટમાં વિદ્યાર્થીઓની માહિતી અપલોડ કરવા સંદર્ભે કોઈ માહિતીની આવશ્યકતા ઉભી થાય તે માટે શ્રી કે. એમ. ભોજાણી, ઈ.ચા. સિસ્ટમ પ્રોગ્રામર, કોમ્પ્યુટર સેન્ટરનો (મો.નં. ૯૪૨૭૨ ૫૨૪૩૫) સંપર્ક કરવાનો રહેશે તેમજ કોલેજ ધ્વારા ૯૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ ધરાવતા તમામ વિદ્યાર્થીઓની માહિતી અપલોડ કર્યા બાદ *sumysy15@gmail.com* પર માહિતી અપલોડ કરી દેવામાં આવેલ છે તે અંગેનો કન્ફર્મેશન લેટર મોકલવાનો રહેશે.

**કુલસચિવ**

***બિડાણ***:– સંદર્ભ–૧ અને ૨ પત્ર

નં. જોડાણ / ૨ / ૨૧૯૯ / '૧૫
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા.૧૬ / ૧૦ / '૧૫

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ (યોગ્ય કાર્યવાહી અર્થે) ....

**નકલ રવાના** :–

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

ક્રમાંકઃએમસીજી/મુખ્યમંત્રી/યુવા સ્વા.યોજના/આઇ/૧૫
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
(તબીબી શિક્ષણ) ના કમિશ્નરશ્રીની કચેરી
પ, ત્રીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૯/૧૦/૨૦૧૫

પરીપત્રઃ

વિષયઃ- મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના બાબત...
સંદર્ભઃ- સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૪/
યુઓઆર-૬/સ

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભમાં દર્શાવેલ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનુંકે સદરહું ઠરાવથી રાજયમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને આવક (Merit cum Means) ના માપદંડોને ધ્યાને લઇ યોગ્યતા પ્રાપ્ત વિધાર્થીઓને આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

સરકારશ્રીના સદરહું ઠરાવમાં દર્શાવેલ જોગવાઇ અન્વયે આપની સંસ્થામાં અભ્યાસ કરતા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ગુણવત્તા અને આવક (Merit cum Means) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓઓને જાણ કરી પ્રસિધ્ધિ અર્થે નોટીસ બોર્ડ ઉપર મુકવા જણાવામાં આવે છે.

અધિક નિયામક
તબીબી શિક્ષણ અને સંશોધન
ગાંધીનગર

પ્રતિ,
ડીનશ્રી/પ્રિન્સીપાલશ્રી,
તમામ મેડીકલ/ડેન્ટલ/ફીઝીયોથેરાપી/નર્સીંગ/આયુર્વેદ/હોમીયોપેથી તથા અન્ય પેરામેડીકલ કોલેજો
તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
નકલ રવાના : ૧. રજીસ્ટ્રારશ્રી તમામ યુનિર્વસીટી તરફ
૨.નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૩.નાયબ નિયામકશ્રી, નર્સીંગ, બ્લોક નં.પ ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૪.સી.ઇ.ઓ.શ્રી, જી.એમ.ઇ.આર.એસ., ગાંધીનગર

C:\Users\admin\Desktop\CM Scholarship\Letter.docx

પંકજ જોષી આઇ.એ.એસ.
અગ્ર સચિવ

ક્રમાંક: MYSY-2015/ 5

અગ્ર સચિવ (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.
બ્લોક નં. ૫, ૮મો માળ,
સરદાર ભવન, નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

તા.: 9 OCT 2015

<u>પરિપત્ર</u>

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૭-૧૦-૨૦૧૫ના ઠરાવથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોનાં તેજસ્વી અને જરૂરિયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી **"મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"** અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો ઠરાવ Ready Reference માટે બિડાણમાં મૂકેલ છે. સદરહુ યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ માટે સહાય મેળવવા માટે ઠરાવેલ ધોરણો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમનાં સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમનાં નિયત સમયગાળા સુધી લાભ મળવાપાત્ર થાય છે. આ યોજના અન્વયે મળનાર લાભોમાં ટ્યુશન ફી સહાય, રહેવા-જમવા પેટે સહાય તથા સાધન-પુસ્તકનો સમાવેશ થાય છે.

આ યોજનાના ઠરાવેલ ધોરણો મુજબ રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને આવકના માપદંડોને ધ્યાને લઈ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને સમાન ધોરણે આર્થિક સહાય આપવાનો રાજ્ય સરકારનો ઉત્કૃષ્ટ અભિગમ છે. આથી આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ ઠરાવની વિગતોની જાણકારી મળી રહે તે માટે બહોળી પ્રસિદ્ધિની કાર્યવાહી સંસ્થાસ્તરે કરવા જણાવવામાં આવે છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સહાયની કાર્યવાહી માટે ટૂંક સમયમાં જ નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર મારફતે http://mysy.guj.nic.in પર ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. રાજ્યમાં આવેલ ૯૧ સરકારી/અનુદાનિત સંસ્થાઓ અને ૨૯ યુનિવર્સિટીઓ ખાતે વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી કરવા સહાયરૂપ થવા માટે હેલ્પ સેન્ટરો ઊભા કરવામાં આવનાર છે.

આ યોજના અંતર્ગત ઠરાવેલ ધોરણો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ તેનો વધુ ને વધુ લાભ લે તે અંગેની જરૂરી કાર્યવાહી આપની સંસ્થાસ્તરે હાથ ધરવાની રહેશે.

<u>બિડાણ</u>: ઉપર મુજબ

(પંકજ જોષી)
અગ્ર સચિવ, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી તમામ સરકારી / અનુદાનિત / સ્વ-નિર્ભર સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ફોન : ०७૯-२३२५१३०६, ५१३०८ / ફેક્સ : ०७૯-२३२-५४६૯७ / ઇ-મેઇલ : secedu-he@gujarat.gov.in